》કાલે સાંજે કિંજલ દવેનો આકર્ષક કાર્યક્રમ યોજાયો : યુવાધન ઉમટી પડ્યું : આજે કથામાં રકતદાન કેમ્પ યોજાયો《

શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞની મંગલ પુર્ણાહુતિ : શ્રોતાઓની અભૂતપૂર્વ હાજરી

રાજકોટ : શ્રી પંચનાથ મંદિર ટ્રસ્ટ, રાજકોટ દ્વારા દર્દી નારાયણની સેવા માટે આકાર લઈ રહેલ અદ્યતન હોસ્પિટલના લાભાર્થે મંદિરના ટ્રસ્ટ દ્વારા રાજકોટમાં રેસકોર્ષ મેદાન ખાતે તા. ૧૮ થી ૨૫ મેના આઠ દિવસ દરમ્યાન ભાગવતના મૌલિક અને મર્મજ્ઞ વકતા રમેશભાઈ ઓઝાના વ્યાસાસને શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન કરાયું હતું. ભાગવત સત્સંગની આજે બપોરે મંગલ પુર્ણાહુતિ થઈ, અંતિમ દિવસે લોકોએ વિશાળ સંખ્યામાં હાજરી આપીને કથા શ્રવણ અને ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

આજે અંતિમ ચરણોમાં વ્યાસપીઠે પૂ. રમેશભાઈએ શ્રોતાઓ સમક્ષ પ્રેરક સંવાદ કરીને વર્તમાન માનવ સમાજને ભાગવતનો શું સંદેશ છે તેની સરળ ભાષામાં દષ્ટાંતો સાથે સમજ આપી હતી. જીવનમાં ત્યાગનું શું મહત્વ છે તેની વાત કરતા કહયું કે, ત્યાગ એ માનવ જીવનની અનિવાર્યતા છે, ત્યાગનો આવેગ થાય એટલે ત્યાગ કરો. તિજોરીમાં પૈસા વધે અને સારા માર્ગે ન વપરાય તો શારીરિક અને માનસિક પીડા થાય, ત્યારે ત્યાગ આપણી આવશ્યકતા છે.

ભાઈજીએ કહયું કે, દરેક બાળક માટે માઁ ભગવાન છે, ભગવતીનો અવતાર છે. દરેક માઁ નાના બાળકને આધીન છે, ભકત પણ નાનો બાળક છે, ભગવાન ભકતને આધીન છે, માઁ બાળકને પ્રેમ કરે છે, બંધાયેલી છે. કોઈપણ બાળકની ભાવિ ઉન્નતિ કે અવન્તિનો આધાર તેની માતા ઉપર હોય છે. માઁના ખોળામાં જગતના તમામ સુખો અને શાંતિ સમાયેલ છે.

આપણી તમામ આવશ્યકતાની પૂર્તિ પ્રભુ દ્વારા થાય છે. આપણે જેના લીધે સુખી છીએ, આનંદ માણીએ છીએ તેના દાતા ઈશ્વરને કયારેય ભુલવા ન જોઈએ. આપણને જે મળ્યું છે તેના આપણે માલિક–અધિકારી નથી. મનુષ્યનો દેહ પણ ભગવાનની કરૂણાની પ્રસાદી છે. ઈશ્વરે મનુષ્યને નિઃસ્વાર્થભાવે જન્મ આપ્યો છે તેનો ઉપકાર માનવ જીવે ભુલવો જોઈએ નહિ. ભાઈશ્રીએ વર્તમાન માનવ સમાજની ધાર્મિક ઉપેક્ષા તરફ ધ્યાન ખેંચતા કહયું કે, ઘરથી મંદિર સુધીનો રસ્તો ૧૦ મીનીટનો હોય છે પણ ત્યાં પહોંચતા ૭૦ વર્ષ લાગી જાય છે, આજકાલ ભકિત વધી છે, મંદિરો, સત્સંગો, કથાઓમાં લોકોની ભીડ દેખાય છે છતાં માનવ સમાજની નૈતિકતામાં કયાંય ફરક પડયો નથી, શા માટે ? તેનું ચિંતન કરવું પણ જરૂરી છે. ભગવાન જયાં પ્રેમ હોય ત્યાં જ પ્રગટ થાય છે. સાધક જેટલો ભગવાનને મળવા આતુર હોય છે, તેટલા જ ભગવાન પણ આતુર હોય છે, ભગવાન અતિતમાં પણ ભકતોને મળતા હતા, આજે પણ મળે છે અને ભવિષ્યમાં પણ મળશે. કોઈપણ પ્રકારના સ્વાર્થ કે હેતુ વગર ભકત ઉપર કૃપા કરે છે. આવા પરમપિતા પરમાત્માને કેમ ભુલાય ?

આપણી સંસ્કૃતિમાં
વાનપ્રસ્થાશ્રમ છે
પણ વૃધ્ધાશ્રમ નથી

પ્રેમનું માનવ જગતમાં વિશેષ મહત્વ છે, પ્રેમ અનંત થઈ જાય છે ત્યારે માનવી સંતની અવસ્થામાં આવે છે. હર સમય હરિ સમીપ રહેતાં સંત દિવ્ય સંત છે. આવા સંતોનો સંગ માનવીને તારે છે, પુણ્યના ઉદયથી જ આવા સંતની પ્રાપ્તિ થાય છે. ભાગવત વિશુધ્ધ શાસ્ત્ર છે, પ્રેમગ્રંથ છે.

ભારતીય સંસ્કૃતિ કૃતજ્ઞતાની સંસ્કૃતિ છે, આપણે ધરતી, વૃક્ષ, નદી, પર્વત સૌની કૃતજ્ઞતાપૂર્વક પૂજા કરીએ છીએ. આ પર્યાવરણ પ્રેમ આપણને ઋષિઓએ શીખવ્યો છે. માણસ, જીવસૃષ્ટિ અને પ્રકૃતિ સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ તેનો જવાબ ભાગવત આપે છે. આ ત્રણ વસ્તુ માનવી શીખી લે તો તેને મંદિર જવાની જરૂર નથી.

ભગવાન શ્રીકૃષ્ણનું દિવ્ય દર્શન કરાવતા ભાઈજીએ કહ્યું, શ્રીકૃષ્ણ સત–ચિત–આનંદ સ્વરૂપ છે, સર્વ જગ્યાએ છે. વિશ્વના સર્જક, ઉધ્ધારક અને સર્વવ્યાપક છે, પૂર્ણાવતાર છે, આદિનારાયણ દેવ છે. શ્રીકૃષ્ણ ક્રાંતિકારી અને ભગવત ગીતાના કૃષ્ણ સિધ્ધાંતવાદી હતા. આજે શ્રીકૃષ્ણ જન જન અને કણ કણમાં છે. જયાં સુધી મન કૃષ્ણ સાથે ન જોડાય ત્યાં સુધી હૃદયમાં અનુભવ થતો નથી. આજે વ્યકિતનું મન અનેક પ્રવૃતિઓમાં મગ્ન બન્યું છે, ઈચ્છા–અપેક્ષાઓ વધે તેમ માનવી વધારે વ્યસ્ત થતો હોય છે, આપણામાં એકાગ્રતાનો અભાવ છે, આપણે જયાં હોઈએ ત્યાં સો ટકા સમર્પિત થઈએ તો જ જાગૃતિ આવે જે વ્યકિતમાં એકાગ્રતા નથી એવી વ્યકિતનો ઈશ્વર સાથે યોગ શકય નથી. ગાતા ગાતા સ્વયં ગીત બની જાઓ, આ મનઃસ્થિતિ યોગની અવસ્થા છે. કથામાં મનને ચોટાડી રાખો, કથા જીવનમાં પરિવર્તન લાવે છે. કોઈપણ કાર્ય એકાગ્રતાથી કરો, ભયથી નહિ ભાવથી કરો, સમર્પિત થઈને કશો કથાનું શ્રવણ અનેકવાર કરો, સતત સિધ્ધાંતોની ધારા મન પર પડે છે ત્યારે ઘણી બધી અવિદ્યાનો નાશ થાય છે.

સત્યને માનવાનું
ન હોય
સ્વીકારવાનું હોય

ભાગવત સત્સંગનો આજે છેલ્લો દિવસ છે સત્સંગ અને સેવા સમાંતર ચાલતી રહી. રકતદાનમાં ગરીબમાં ગરીબ માણસ પણ દાતા બની શકે છે. રકતદાનની સેવા અમુલ્ય છે, અનેક લોકોને જીવતદાન આપે છે. ગઈકાલે રાજકોટમાં હોસ્પિટલમાં સફાઈ કરીને સફાઈનો સંદેશો આપ્યો. રાજકોટમાં હોસ્પિટલની આવશ્યકતા છે. સાવ નજીવા દરેક સારવાર આપશે. રાજકોટમાં અનેક સેવા સંસ્થા એનજીઓ વિવિધ સેવાઓ કરે છે, નમુનેદાર અને પ્રશંસનીય છે. વ્યાસપીઠેથી ભાઈશ્રીએ અપીલ કરી કે, સેવામાં સૌ સહયોગ આપે, સાધન સંપન્ન લોકોનું હોસ્પિટલ માટેનું દાન ઉગી નીકળશે, ધન જ પરમાર્થનો ખર્ચો આ ધન વળતર પાત્ર છે. જે ધનનો સંગ્રહ કરે છે તે ધનનો સ્વામી નથી ચોકીદાર છે. સંપતિનો ૧૦ ભાગ પરમાર્થમાં લગાડો તથા સમયનો પણ ૧૦ ભાગ પરમાર્થમાં લગાડો એટલે આપણું જીવન ધન્ય બની જશે. ગરીબ વિસ્તારના બાળકોને ભણાવો, સરકારની યોજનાઓને છેવાડાના લોકો સુધી પહોંચાડો, આવા અનેક લોકો આજે પરમાર્થ કાર્યમાં કાર્યરત છે. જનતાની ભાગીદારી વગર સરકારની કોઈ યોજના સફળ ન થઈ શકે. ભાગવતની પરંપરા તો એવી છે કે સંતતિનો ૧૦મો ભાગ પરમાર્થ માટે કાઢે છે.

શ્રીકૃષ્ણ જેવું દિવ્ય અને
સંમોહિત વ્યકિતત્વ
વિશ્વમાં કયાંય નથી...

જે ધર્મનો પ્રારંભ અને મધ્યાંતર હોય તેનો અંત પણ હોય છે, સનાતન ધર્મ શાશ્વત છે

ભાગવતના સંદેશાત્મક સુત્રો

- – ત્યાગ એ અનિવાર્યતા છે, ત્યાગના આવેગનો તુરત અમલ કરો.
- – તિજોરીમાં પૈસા વધે અને સારા માર્ગે ન વપરાય તો પીડા થાય.
- – આપણા પરિવારના મૂલ્યો એ જ આપણી સમૃધ્ધિ અને શાખ છે.
- – ભગવાન કૃષ્ણ પ્રેમનો સંદેશો લઈને આવ્યા હતા, ગોપીઓ પ્રેમની ધજા છે.
- – ઘરથી મંદિરનો રસ્તો ૧૦ મીનીટનો હોય છે પણ ત્યાં પહોંચતા ૭૦ વર્ષ લાગે છે.
- – સંતમાં અનંત પ્રેમ હોય છે, રોમ રોમમાં સંતત્વના દર્શન થાય છે.
- – જીવસૃષ્ટિ, માનવ અને પ્રકૃતિ સાથે કેવો વ્યવહાર કરવો તેનો જવાબ ભાગવત આપે છે.
- – માઁનું દૂધ એટલે માઁના પ્રેમનું પદાર્થમાં રૂપાંતર.
- – કર્મ, જ્ઞાન અને ભકિતનું જે માનવીમાં ઐકય થાય છે તે સંતની કક્ષામાં આવે છે.
- – માનવીનું દરેક કાર્ય ભજન અને ભકિત સંમિશ્રિત હશે તો કયાંય અવરોધ આવશે નહી.
- – ભકિત અને આસકિત હૃદયમાં એક સાથે રહી શકતા નથી.
- – વ્યકિત નહિ, તેના સદગુણો, ત્યાગ અને યોગ્યતાને પ્રણામ કરો.
- – પ્રેમના પાયા ઉપર ઉભેલો પરિવાર મંદિર છે.
- – જનતાની ભાગીદારી વગર સરકારની કોઈ યોજના સફળ થઈ ન શકે.
- – શ્રેષ્ઠ ગુરૂ એ છે જે એમના આચરણ દ્વારા ભકતને કલ્યાણકારી જીવનનો સંદેશો આપે છે.
- – અસમર્થની જેમ સમર્થ વર્તે ત્યારે મધુરતાના દર્શન થાય છે, કૃષ્ણની પ્રત્યેક લીલામાં મધુરતામાં દર્શન થાય છે.

સાધુ પાંચ ઘરેથી ભીક્ષા માગીને જમે છે, આ બુધ્ધની 'માધુકરી' પ્રથા છે, જે આજે પણ વિદ્યમાન છે. એકાદ દિકરો આવો સાધુ થાય તો રોકવાની કોશીષ ન કરશો. આ રસ્તે જવા માટે વૈરાગ્ય દઢ હોવો જોઈએ. આવેશવાળો ત્યાગ ન હોવો જોઈએ. મહારાજ મનુએ એક દિકરાને જવા દીધો હતો. યાદ રહે, ભગવાને આપણને શરીર આપ્યું છે સેવા માટે, બુધ્ધિને સત્સંગનો ખોરાક આપો, મનમાં પ્રભુ પ્રત્યે વિશ્વાસ રાખો.

ભાગવત શ્રીકૃષ્ણનોજ ઉપદેશ, આદેશ છે સ્વયં શ્રીકૃષ્ણની આ વાણી છે. સામાન્ય જનતા માટે શ્રીકૃષ્ણનો સંદેશ છે. શ્રીકૃષ્ણ જગતગુરૂ છે, શ્રેષ્ઠ ગુરૂ એ છે જે એમના આચરણ દ્વારા ભકતોને સંદેશો આપે છે, શ્રીકૃષ્ણને અનેક લીલાઓ કરીને સાંપ્રત યુગના માનવ સમાજને ઉજજવળ જીવનનો સંદેશો આપ્યો છે. શ્રીકૃષ્ણની પ્રત્યેક લીલા સંદેશોત્મક છે.

ભગવાન કૃષ્ણની
પ્રત્યેક લીલા
સંદેશાત્મક હોય છે

અસમર્થની જેમ સમર્થ વર્તે મધુરતા હોય છે. ભગવાન શ્રીકૃષ્ણની તમામ લીલાઓમાં મધુરતાના દર્શન થાય છે.

આજે કથા પ્રારંભ પૂર્વે બ્રહ્મ સેતુ સંસ્થાના કાર્યકરો તથા કથામાં સેવા આપતા મહિલા મંડળના બહેનોએ વ્યાસપીઠે ભાગવત પૂજા કરીને ભાઈશ્રીનું માલ્યાર્પણ અને સાલ ઓઢાડીને સન્માન કર્યુ હતું. આજે કથામંડપમાં રકતદાન કેમ્પ છે, જેમાં શ્રીમદ રાજચંદ્ર મિશન, યુવી કલબ રાજકોટ અને પંચનાથ મંદિર સંસ્થાઓના સહયોગથી પ્રથમ તબકકે જ ૫૦ બોટલનું રકતદાન નોંધાયુ હતું. રકતદાતાઓની કતાર લાગી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છતા અભિયાનને પ્રમોટ કરવા

ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ રાજકોટની સિવિલ હોસ્પીટલમાં સફાઈ કામગીરી કરી



રાજકોટ તા.૨૫

રાજકોટના રેસકોર્ષ મેદાનમાં ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની શ્રીમદ્ ભાગવત સપ્તાહ ચાલી રહી છે ત્યારે ભાઈશ્રીએ ગઈકાલે કથા પછી રાજકોટની સિવિલ હોસ્પિટલમાં જઈને પટાંગણમાં સફાઈ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સફાઈ અભિયાનને પ્રમોટ કર્યુ હતું. ભાઈશ્રીને હોસ્પિટલના કેમ્પસમાં કચરો ઉપાડતા અને સાવરણો લઈને સફાઈ કરતા જોઈને અનેક લોકો આવીને તેમના હાથમાંથી કચરો અને સાવરણો લેવા તૈયાર થઈ ગયા હતા, પણ ભાઈશ્રીએ કોઈને આપ્યો નહોતો. ઊલટું ભાઈશ્રીએ તેમને પણ શાંતચિતે સમજાવતાં કહ્યું હતું કે જો તમે લોકોએ આ કામ પહેલાં જ કરી લીધું હોત તો અમારે કોઈએ એ કરવું પડયું ન હોત. અગાઉ પણ ભાઈશ્રીએ સફાઈ અભિયાનને પ્રમોટ કર્યુ હતું અને પોરબંદરમાં તેમણે રસ્તા પર સફાઈ કરી હતી. ગઈકાલે સફાઈ કર્યા પછી ભાઈશ્રીએ અને તેમની સાથે રહેલા અનુયાયીઓએ અઢાર કિલો જેટલો કચરો સિવિલ હોસ્પિટલમાંથી એકઠો કર્યો હતો. જો હોસ્પિટલમાં જ આટલો કચરો પડયો રહેતો હોય તો સ્વાભાવિક રીતે બીમાર માણસની તબિયત કેવી રીતે સુધરે એ વાતની ફિકર પણ ભાઈશ્રીએ સૌની સમક્ષ વ્યકત કરી હતી.

અટપટા આટાપાટા
આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ
વાહ વડોદરા ! વાહ
આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ

પુસ્તક પરિચય

પદ્મભૂષણ, રાષ્ટ્રસંત આ.ભ. પૂ.શ્રી રત્નસુંદરસૂરિજી મહારાજાના નવલા પ્રકાશનો

અટપટા આટાપાટા

લેખકઃ આ.ભ.શ્રી. રત્નસુંદરસૂરિજી મ. પ્રકાશકઃ રત્નત્રયી ટ્રસ્ટ- અમદાવાદ, રાજકોટમાં પ્રાપ્તિસ્થાન કેયુરભાઈ શેઠ, અશોક મેટલ્સ, ઢેબરભાઈ રોડ, મ્યુ.કો. ઓફીસ સામે, રાજકોટ-૧ ફોન નં. (૦૨૮૧) ૨૨૨૪૪૦૮, ૨૨૩૭૦૨૯) મૂલ્ય.રૂ.૧૭૦

મોતીને મેળવવા સાગરના તળીયે જવું પડે છે. હીરાને અને સોનાને પામવા ખાણમાં છેક નીચે જવું પડે છે. ઝવેરાતને મેળવવા તિજોરી ખોલવી પડે છે. સૂકી નદીમાંથી પાણી મેળવવા નદીને ખોદવી પડે છે. આત્મગુણોના ઉઘાડ માટે અંદર જવું પડે છે. અંતર્મુખ બનવું પડે છે. પણ અંદર જવા માટે અને અંતર્મુખ બનવા માટે એ માર્ગ પરના અનેક પ્રકારનાં આટાપાટાઓને વ્યવસ્થિત સમજી લેવા પડે છે. કયાં અને કેવા છે એ આટાપાટા એની આગવી સમજ આપતું આ પુસ્તક 'અટપટા આટાપાટા' દરેક પરિવારે વસાવવા જેવું છે. પૂજયશ્રીનું આ ૩૧૪મું પુસ્તક પ્રકાશિત થયું છે.

વાહ વડોદરા વાહ

લેખક, પ્રકાશક તથા પુસ્તક મેળવવાનું સ્થળ ઉપર મુજબ મૂલ્યઃ રૂા.૨૦૦

પદ્મભૂષણ, રાષ્ટ્રસંત જૈનાચાર્ય મૂ. શ્રી રત્નસુંદરસૂરિજી મ.નું ગત વર્ષે વડોદરામાં ચાતુર્માસ હતુ. આ વખતે બારડોલીમાં છે. પૂજયશ્રીએ વડોદરામાં ચાતુર્માસ દરમ્યાન, પ્રવચનો, શિબિરો યોજીને સમગ્ર શહેરમાં ધર્મનું અદ્‌ભૂત વાતાવરણ સર્જયું હતું. પૂજયશ્રીએ વડોદરાના ચાતુર્માસ દરમ્યાન નવતર પ્રયોગ શરૂ કરેલો. કોઈ વિશિષ્ટ તપની પ્રેરણા કરવાને બદલે પ્રવચનના વિષયને અનુરૂપ મર્યાદીત સમય માટે ધર્મ પ્રવૃતિના અને પાપ નિવૃતિના અલગ-અલગ નિયમોની પ્રેરણા કરવાનું શરૂ કર્યુ અને એનું પરિણામ એ આવ્યુંકે આખી પ્રવચન સભા આ નિયમો અંગીકાર કરવા કટીબદ્ધ બનતી રહી.પ્રવચનસભા દરમ્યાન શ્રોતાઓએ જે અલગ અલગ નિયમો લીધા એની નોંધ આ પુસ્તકના પ્રત્યેક પ્રસંગના આલેખનની નીચે દર્શાવાઈ છે.

આ પુસ્તક દરેક પરિવારે વસાવવા જેવું છે.

ઈન્દ્રપ્રસ્થનગર સ્થા. જૈન ઉપાશ્રયે ચોપડા વિતરણ

શ્રી ધીરજમુનિ મ.ના અનુગ્રહથી અધ્યાત્મયોગિની પૂ. રંભાબાઈ મ.સ.ના સુશિષ્યા શાસનરત્ના પૂજય નર્મદાબાઈ મ.સ., પંડિતરત્ના બા.બ્ર.પૂ. વનિતાબાઈ મ.સ. તથા પ્રખરવકતા બા.બ્ર.પૂ. હંસાબાઈ મ.સ.ની પાવન નિશ્રામાં શ્રમણોપાસક સ્વાધ્યાય મંડળ અંતર્ગત ધર્મભકિત મંડળ દ્વારા શાળાના કે.જી. તથા ધો. ૧ થી ૩ ધોરણ માટે નોટબુક ૧૭૨ પેઈજ તથા ધો. ૫ થી કોલેજના વિદ્યાર્થીઓ માટે ૧૬૦ પેઈજનાં ડીલક્ષ ચોપડાનું વિતરણ વહેલા તે પહેલાના ધોરણે તા. ૨૮/૫ના રવિવારે સવારના ૯.૩૦ થી ૧૨.૦૦ ઈન્દ્રપ્રસ્થનગર સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ૯–ઈન્દ્રપ્રસ્થનગર, હેમુ ગઢવી હોલની પાછળ , નાલા સામેની શેરી ખાતે આપવામાં આવશે.

મુંબઈની સાહિત્ય સંસદ-સાન્તાક્રુઝ દ્વારા હાસ્ય રચના સ્પર્ધાનું આયોજન

રાજકોટ, તા. ૨૫

મુંબઈની સાહિત્ય સંસદ સાન્તાક્રુઝ દ્વારા સાહિત્યમાં અત્યંત ઓછા ખેડાતા હાસ્ય પ્રકારના સાહિત્યને પ્રોત્સાહન મળે તે માટે હાસ્ય રચના સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

આ સ્પર્ધા ગુજરાતી ભાષામાં જ આયોજીત કરવામાં આવેલ છે. સ્પર્ધા માટે હાસ્ય વાર્તા, હાસ્ય નિબંધ કે હાસ્ય એકાંકી, આ ત્રણ સાહિત્ય સ્વરૂપોમાં એક જ કૃતિ અને શબ્દ સંખ્યા વધારેમાં વધારે ૩૦૦૦ની મર્યાદા છે સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂા. ૧૧ હજાર, દ્વિતીયને રૂા. ૫૦૦૦ તથા તૃતીય વિજેતાને રૂા. ૨૦૦૦નો પુરસ્કાર આપવામાં આવશે. સ્પર્ધકે મોડામાં મોડી સંસ્થાના સરનામા પર તા. ૧૫ જુન પહેલા પોતાની કૃતિ પહોંચાતી કરવાની રહેશે. સંસ્થાનું સરનામું સાહિત્ય સંસદ, (કનુભાઈ સુચક) સાન્તાક્રુઝ, ૩ વિવેક, વિદ્યા વિનય વિવેક સોસાયટી, ૧૮૫ એસ.વી.રોડ, વિલેપાર્લે, (પશ્ચિમ) મુંબઈ–૪૦૦૦૫૬ છે. વિશેષ વિગતો માટે મો.નં. (૦૯૮૭૦૦ ૦૭૩૭૧)નો સંપર્ક સાધવા કવિ પારસ હેમાણીએ જણાવેલ છે.

મનુષ્યના કર્મના ફળને આપનારો ગ્રહ

શ્રી શનૈશ્વર જયંતિ

શનિ ગ્રહને મનુષ્યના કર્મના ફળને આપનારો ગ્રહ માનવામાં આવે છે જે મનુષ્યના કર્મ અનુસાર દુઃખ–સુખ આપે છે.

શ્રી શનૈશ્વર જયંતિ :–

વૈશાખ વદ અમાવસ્ય – તા. ૨૫/૦૫/૨૦૧૭ને ગુરૂવાર, શ્રી શનિ જયંતિ આવે છે.

ભગવાન શ્રી શંકરે કહ્યું શનિ – આખ્યાન

દેવર્ષિ નારદજીને પુછવાથી ભગવાનશ્રી શંકરે શનિનું આખ્યાન કહ્યું.

સંદર્ભ : પદ્મપુરાણ – છઠ્ઠો ઉતર ખંડ – અધ્યાય : ૩૪

ભગવાન શ્રી શંકર બોલ્યા, સૂર્ય પુત્ર શનિ ગ્રહ બધાય ગ્રહોનો રાજા હોય સર્વ કરતાં મોટો હોઈ છે (ગ્રહોના) દેવતા તરીકે પ્રખ્યાત છે. તે કાલરૂપી છે તે જટાધારી છે તેના રૂવાડા વજ જેવા છે.

તથા રાજા દશરથે શનિને ઉદેશીને જે સ્ત્રોત કહયું હતું તે દશરથ કૃત શનિ સ્ત્રોત સાંભળીને શનિએ રાજા દશરથને વરદાન આપ્યું હતું અને કહયું હતું કે, કાળી ગાય અથવા કાળા બળદને બ્રાહ્મણને દાન આપવા તથા તમારા વડે રચાયેલા આ શનિ સ્ત્રોતનું શનિવારે વિશેષ કરીને આ સ્ત્રોત વડે મારૂ પૂજન કરવું, બે હાથ જોડીને આ સ્ત્રોતને જળ કે પાઠ કરે છે તેને હું પીડા કરીશ નહી.

શનિની પીડામાં રાહત મેળવવા આ દશરથ કૃત શનિ સ્ત્રોતનો પ્રાતઃ કાળે પાઠ કરવો જોઈએ.

વિ.સં. ૨૦૭૩ ઈ.સ. ૨૦૧૭માં આ લેખ દરમ્યાન શનિ ગ્રહ વૃષિક રાશીમાં છે.

આ વર્ષે ત્રણ રાશીઓને અલગ–અલગ તબકકે શનિની સાડા સાતી છે તથા બે રાશીને નાની પનોતી છે.

સાડા સાતી – શનિના ૭–૧/૨ વર્ષ

– વૃશ્ચિક રાશી (ન, ય) – રૂપાના પાયે, મોટી પનોતી ત્રીજે તબકકે આર્થિક ફાયદો થઈ શકે છે.

– ધન રાશી (ભ, ધ, ફ) – આ વર્ષે ત્રણ રાશીઓની અલગ–અલગ તબકકે સાડાસાતી છે અને બે રાશીને નાની પનોતી છે.

– મકર રાશી (ખ, જ) – લોઢાના પાયે મોટી પનોતી પ્રથમ તબકકે ચિંતાજનક હોય શકે.

શનિ ગ્રહની શાંતિના ઉપાયો.

શનિનો મંત્ર જાપ કરવા

નીલાંજના સમાભાસ રવિપુત્ર યમાગ્રજમ।
છાયા માર્તહસંભૂતં તં નમામિ શનિશ્વરમ્ ॥

– શનિ ચાલીસાનો પાઠ કરવો.

– હનુમાન ચાલીસાનો પાઠ કરવો.

– શનિની પૂજા કરવી.

– શનિવારનું વ્રત રહેવું.

– સુંદરકાંડનો પાઠ કરવો.

– દશરથ કૃત શનિ સ્ત્રોત

– શનિ ગ્રહને ઉદેશીને કરવામાં આવતા દાન

–નીલમ (રત્ન) કાળા અડદ, મગ, તલ, કાળુ વસ્ત્ર, લોઢું.

શનિ ગ્રહણનું પૂજન

શનિ દેવતાઓનું પૂજન કાળા રંગના સુગંધી દ્રવ્યો વડે, કાળા પુષ્પો વડે તથા કાળા વસ્ત્રો વડે પૂજન કરવું. તેમાં દક્ષિણા રૂપે લોઢુ તથા કાળા તલ આપવા જોઈએ તથા શનિની જો પીડા ચાલુ હોય તો સાડા સાતી વિગેરે તો લોઢાની ખીલી, કાળા વસ્ત્રો, નીલમ તથા યથાશકિત મુજબ સુવર્ણ દાન આપવું.

આ ધર્મકાર્ય શ્રધ્ધાથી કરવું જોઈએ. જેના માટે શ્રી ભગવાને કહયું છે કે, હે પાર્થ અશ્રધ્ધાથી કરવામાં આવતુ દાન, તપ કે જે કંઈ (ધર્મ કાર્ય) કરવામાં આવે છે તે આ લોકમાં કે પરલોકમાં કલ્યાણકારક થતું નથી.

શ્રીમદ્ ભગવદ ગીતા : અધ્યાય ૧૭ : શ્લોક ૨૮ શ્રધ્ધામય વિભાગ

સંકલન : શ્રી નિશીથભાઈ ઉપાધ્યાય
સ્પીરીચ્યુઅલ કન્સલટન્ટ અને એસ્ટ્રોલોજર
મો.નં. ૯૨૨૭૫ ૪૬૫૫૫

આ.સોમચંદ્રસૂરીજી મ.ની પ્રથમ માસિક તિથિ નિમિત્તે

આવતીકાલે માંડવી ચોક દેરાસરમાં સમુહ સામાયિક

રાજકોટ, તા. ૨૫

૧૯૧ વર્ષ પ્રાચીન તીર્થ શ્રી સુપાર્શ્વનાથ જિનાલયના આંગણે આવતીકાલ તા. ૨૬મીના શુક્રવારે (બેસતો મહિનો જેઠ સુદ–૧)પરમ વંદનીય આચાર્ય ભગવંત શ્રી અશોકચંદ્ર દાદાના શિષ્ય, વ્યાકરણાચાર્ય સોમચંદ્રસૂરીજી મ.ની માસિક તિથિ નિમિત્તે સવારે નવ વાગે બહેનોની સમુહ સામાયિક રાખવામાં આવેલ છે.ઉપરોકત અનુષ્ઠાનમાં પરમ વિદુષી પૂ. શ્રી વિપુલયશાશ્રીજી મ. તથા પૂ. સાધ્વીજી શ્રી પ્રશાંતશ્રીજી મ. આદિની પાવન નિશ્રા રહેશે. તેમ સંઘ પ્રમુખ જીતુભાઈ ચાવાળાએ જણાવેલ છે.

જૈનશાળા જમણ

સ્થા. જૈન પ્રતિક્રમણ યોજના મંડળના ઉપક્રમે શ્રી હસમુખભાઈ મહેતા–પરિવાર રાજકોટ દ્વારા રાજકોટ શહેરના સમસ્ત જૈન શાળાના બાળકો રવિવારીય શિબિરાર્થી, ઋષભદેવ ગુરૂકુળ તથા પ્રતિક્રમણ મંડળના સભ્યોશ્રી માટે તા. ૨૮/૫/૧૭ રવિવારના શ્રી વિરાણી વાડી ખાતે સવારના ૧૧ કલાકે જૈન શાળા જમણ રાખેલ હોય, દરેક શિક્ષિકાબેનોએ બાળકોની બહોળી સંખ્યા સાથે સમયસર ઉપસ્થિત રહેવા પ્રતિક્રમણ મંડળ દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

◆'રહેના રહે હમ... મહેંકા કરેંગે...'◆

સાયગલ-દેવ આનંદ-શમ્મી-રાજેશ ખન્નાથી આમિર ખાનની ફિલ્મોમાં જેને ગીતો લખ્યા તે સુપ્રસિધ્ધ મજરૂહ સુલ્તાનપુરી

શ્રધ્ધાંજલી

અરૂણ દવે

કે. એલ. સાયગલ, દેવ આનંદ, શમ્મી કપૂર, રાજેશ ખન્ના, રિશી કપૂર, આમિર ખાન... આ બધા નામો વચ્ચે એક સામ્યતા શોધવાનું કોઈ કહે તો શું જવાબ મળે? બેશક બધા જ હિન્દી ફિલ્મ જગતના ખ્યાતનામ સિતારા છે. તેમજ સૌ જે તે સમયે ખાસ્સા સફળ અને લોકપ્રિય રહ્યાં છે. ને જરા ઝીણવટથી જોઈએ તો, આ બધા ની સફળતમ ફિલ્મોના ગીતો એક જ વ્યક્તિએ લખ્યાં છે. ને એ ગીતો ય કેવા?યુવા દિલોની ધડકન તેજ કરી દે તેવા, હિલ્લોળા લેતા જોબનના ઉમંગ ઉત્સાહને 'ખુલ્લી આંખે કો' અનન્ય સ્વપનસૃષ્ટિની સફરે લઈ જાય તેવા. પણ મોટેભાગે બધા જ ગીતોમાં કાવ્ય તત્વ પોતાની અલૌકિક ઊંચાઈ પર હોય.

ફિલ્મી ગીતોમાં કાવ્ય તત્વની વાત થાય કે શૈલેન્દ્ર, સાહિર લુધિયાનવી કે ગુલઝારનું નામ જ સૌપ્રથમ હૈયે આવી રહે. પણ આજે એ ગીતકારની વાત કરવી છે કે જેમણે પોતાની અર્ધી સદી જેટલી લાંબી કારકિર્દીમાં એકએકથી ચડિયાતા એવાં એવાં અઢળક ગીતો આપ્યા કે જેની યાદી કરવા બેસીએ તો એકએક ગીત ગણગણ્યા વિના ન રહી શકાય. સરળ, સહજ શબ્દોમાં હૃદય સોંસરવી ઉતરી જાય એવી યાદગાર રચનાઓ. ભલે કહેવાય ફિલ્મી ગીત, પરંતુ ભારોભાર કાવ્યાત્મક અભિવ્યક્તિના ઉત્કૃષ્ટ નમૂના જેવા આ ગીતો આપનાર શાયર એટલે જનાબ અસરાર-ઉલ-હસન ખાન ઉર્ફે મજરૂહ સુલ્તાનપુરી.

૧ ઓકટોબર, ૧૯૧૯ના રોજ ઉત્તરપ્રદેશના સુલતાનપુર જિલ્લાના એક નાનકડા ગામમાં, સામાન્ય સબ ઈન્સ્પેકટર ને ઘેર જન્મેલા મજરૂહે અરબી, ઉર્દૂ અને ફારસી ભાષામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ લખનૌની કોલેજમાંથી યુનાની ચિકિત્સા પદ્ધતિનું જ્ઞાન મેળવીને હકીમ તરીકે કારકિર્દીની શરૂઆત કરી. પણ ઉર્દૂ શાયરીનો શોખ તેમને મુશાયરા ભણી ખેંચી ગયો. સુલ્તાનપુર મુકામે યોજાયેલા એક મુશાયરામાં તેમણે રજૂ કરેલી ગઝલ, શ્રોતાઓના દિલ ડોલાવી ગઈ! એ સમયે મળેલી વાહવાહીથી મજરૂહના મનમાં રમતા શાયરી પ્રત્યેના અદમ્ય ખેંચાણને પૂરજોશથી દિશા મળી ગઈ. હકીમ તરીકેની કારકિર્દીને કોરાણે મૂકીને મજરુહ સંપૂર્ણપણે શાયરીને સમર્પિત થઈ ગયા. લોકોના દુઃખ દર્દ મટાડનાર હકીમે તખલ્લુસ રાખ્યું – 'મજરૂહ'. જેનો અર્થ થાય છે 'જખમ'! બળતા હૃદય ને શાતા આપે એવા મધુર ગીતો આપનારા મજરુહે પોતાના તખલ્લુસ સાથે જોડી દઈને વતન સુલ્તાનપુરનું નામ પણ અમર કરી દીધું.

સુલ્તાનપુરથી શરૂ થયેલી પરંપરા આગળ પણ ચાલતી રહી. મજરુહ જયાં પણ જતા, મુશાયરાની જાન બની જતા. આવા જ એક મુશાયરામાં તેમને શાયર જિગર મુરાદાબાદીનો પરિચય થયો. જે આગળ જતાં ગાઢ મિત્રતામાં ફેરવાયો. ૧૯૪૫માં મુંબઇ ખાતે યોજાયેલા એક મુશાયરામાં ફિલ્મ નિર્માતા એ. આર. કારદાર ની પારખુ નજરે તેમની શાયરીનું હીર માપી લીધું. તેમણે મજરૂહને ફિલ્મ માટે ગીતો લખવાની ઓફર આપી. પણ શાયરીને વરેલા મજરુહે ફિલ્મી ગીત લેખનનો રાહ અપનાવવાની સ્પષ્ટ નારાજગી દર્શાવી. જો કે મિત્ર જિગર મુરાદાબાદીની વ્યવહારૂ સલાહને માન આપીને સંગીતકાર નૌશાદને મળવા ગયેલા મજરૂહની કસોટી કરવા નૌશાદે એક તરજ તેમની સામે રમતી મૂકીને તેના પર કોઈ શબ્દો લખવા જણાવ્યું. જેના સમગ્ર અસ્તિત્વમાં શાયરી છલકાતી હતી એવા મજરુહે પલકવારમાં શબ્દોની એક માળા ગૂંથી આપી.. 'જબ ઉસને ગેસૂં બિખરાયે, બાદલ આયે ઝૂમ કે...' અભિભૂત થઈ ગયેલા નૌશાદે એ જ ઘડીએ ફિલ્મ 'શાહજહાં'ના ગીતો લખવા માટે મજરૂહ પર પસંદગીની મહોર મારી દીધી! 'કર લિજીયે ચલ કે મેરી મહોબ્બત કે નઝારે...' અને 'જબ દિલ હી ટૂટ ગયા....' જેવા 'શાહજહાં'ના ગીતો અત્યંત સફળ થયા અને આબાલવૃદ્ધ સૌની જીભે રમતા થઈ ગયા. કે. એલ. સાયગલને પોતે ગાયેલું 'જબ દિલ હી ટૂટ ગયા...' ગીત એટલું તો ગમ્યું કે પોતાની અંતિમયાત્રા વખતે એ ગીત વગાડવાની તેમણે જાહેરાત કરી દીધી!

'શાહજહાં' બાદ 'મહેંદી', 'અંદાઝ', 'આરઝૂ' જેવી ફિલ્મોમાં એક પછી એક સફળતાનાં શિખરો સર કરી રહેલા મજરૂહને તેમની ડાબેરી વિચારધારાના પગલે તત્કાલીન સરકારની ભારે ખફગી વહોરવી પડી. પોતાની એક ક્રાંતિકારી રચનામાં સરકારની હાંસી ઉડાવતા શબ્દો પ્રયોજવા બાદલ તેમને બે વર્ષની જેલની સજા થઈ! માફી માંગીને સજામાંથી છૂટવાને બદલે તેમણે પોતાની વિચારધારામાં અડગ રહીને સજાનો સ્વીકાર કર્યો. જેલમાંથી બહાર આવ્યા બાદ 'ફૂટપાથ' અને 'આરપાર' જેવી ફિલ્મો દ્વારા મજરૂહે ધમાકેદાર પુનઃપ્રવેશ કર્યો. એક પછી એક સફળ ફિલ્મોની શૃંખલા રચાતી ગઈ. એ બધીમાં શિરમોર રહી ૧૯૬૪ની ફિલ્મ 'દોસ્તી', જેના ગીત 'ચાહુંગા મૈં તુજે સાંજ સવેરે.... માટે તે વર્ષનો શ્રેષ્ઠ ગીતકાર તરીકેનો પહેલવહેલો અને એકમાત્ર ફિલ્મફેર પુરસ્કાર મળ્યો.

કોઈપણ છંદમાં, કોઈ પણ 'મીટર'ને અનુરૂપ શીઘ્ર રચના લખી આપવામાં મજરૂહ બેજોડ હતા. ૫૦ વર્ષની લાંબી કારકિર્દીમાં લોકપ્રિય અને કર્ણપ્રિય એવા અનેક ગીતોની રચના કરનારા મજરુહે જયાં એક તરફ સંવેદનની ચાસણીમાં ઝબકોળાયેલાં મધુર પ્રણય ગીતો લખ્યાં તો બીજી તરફ સામાન્ય માનવીની મનોવ્યથા અને સામાજિક સમસ્યાઓના ઉકેલ સૂચવતી ગંભીર રચનાઓ પણ એમની કલમે અવતરી. ઉત્તરપ્રદેશના લોકગીતોને પોતાની રચનાઓમાં પ્રતિબિંબિત કરવાનું શ્રેય પણ મજરૂહના ભાગે જાય છે.

હાડોહાડ શાયર મજરૂહ ફિલ્મી ગીત લેખનને આજીવિકા રળવાનું એક સાધન માત્ર માનતા. બાકી તેમની રૂચિ ગંભીર પ્રકારની શાયરીના સર્જન પરત્વે જ આસક્ત રહી. તેમ છતાં, તેમની મોટાભાગની ફિલ્મી રચનાઓ ઉત્તમ પ્રકારની રહી. હા, ફિલ્મની કહાણીની માંગ અનુસાર તેમણે કેટલીક રમતિયાળ અંદાઝ ધરાવતી રચનાઓ પણ લખી, જે ખાસ્સી લોકપ્રિય રહી. ૧૯૮૦માં 'ગાલિબ' એવોર્ડ અને ૧૯૯૨માં 'ઈકબાલ' એવોર્ડ જેવા ઉર્દૂ સાહિત્યના ઉચ્ચતમ પુરસ્કાર પ્રાપ્ત કર્યા બાદ ગીતકાર તરીકે ૧૯૯૪માં ફિલ્મજગતનું સર્વોચ્ચ સન્માન 'દાદાસાહેબ ફાળકે પુરસ્કાર' મેળવનાર એકમાત્ર શાયર મજરૂહ સુલ્તાનપુરી, જીવનના અંત સુધી ફિલ્મોમાં શબ્દોની છાબ સજાવતા રહ્યાં. ૨૪ મે, ૨૦૦૦ના રોજ તેમનો દેહવિલય થયો. તેમણે ફિલ્મ જગતને આપેલા નાયાબ ગીતરત્નો પૈકી કેટલાક મારી પસંદના ગીતો આ મુજબ છે....

રહે ના રહે હમ, મહેકા કરેંગે...(મમતા)
કભી તો મિલેગી, કહીં તો મિલેગી...(આરતી)
જલતે હૈ જીસકે લિયે તેરી આંખો કે દીયે.. (સુજાતા)
છૂપને વાલે સામને આ...(તુમ સા નહીં દેખા)
તેરી આંખો કે સિવા દુનિયા મેં રખ્ખા કયા હૈ... (ચિરાગ)
ચુરા લિયા હૈ તુમને જો દિલ કો.. (યાદો કી બારાત)

કોઈ પણ છંદમાં, કોઈપણ 'મીટર'ને અનુરૂપ શીઘ્ર રચના લખી આપવામાં મજરૂહ બેજોડ હતા